RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 136* Date: 14.03.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

દેશમાં ૨૪ કલાકમાં ૨૪,૮૪૫ પોઝિટિવ કેસ નોંધાયા

૫૩ દિવસ પછી દેશમાં સક્રિય કેસ ફરી ૨ લાખને પાર

છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૦ લોકોના મોત નિપજ્યા, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૫,૮૧૭ કેસ સામે આવ્યા, ત્યાર બાદ કેરળ, પંજાબ, ગુજરાત અને મધ્યપ્રદેશમાં પણ સંક્રમણ વધ્યું

(ન્યુ દિલ્હી,તા.૧૩

દેશના અમુક રાજયોમાં કોરોના વાયરસે ફરીથી ચિંતા વધારે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી શનિવારે સવારે જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨૪,૮૮૨ નવા કેસ નોંધાયા છે. તેની સાથે ૧૯,૯૫૭ લોકો સાજા થયા છે. દેશમાં કોરોનાથી સાજા થવાનો દર હાલ ૯૬.૮ ટકા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૧૪૦ લોકોનાં મોત થાય છે. હાલમાં દેશમાં કોરોનાથી મોતનું પ્રમાણ ૧.૪ ટકા છે. દેશમાં કુલ મૃત્યાંક ૧,૫૮,૪૪૬ થયો છે. દેશમાં હાલ કોરોના વાયરસના ૨,૦૨,૦૨૨ સક્રિય કેસ છે. દેશમાં અત્યારસુધી કુલ ૧,૧૩,૩૩,૭૨૮ કેસ નોંધાયા છે, જેની સામે ૧,૦૯,૭૩,૨૬૦ લોકો સાજા થયા છે. દેશમાં ૧૨મી માર્ચના રોજ ૮,૪૦,૬૩૫ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી હતી. અત્યાર સુધી દેશમાં કુલ ૨.૨૫ કરોડ લોકોને વેક્સીન લગાવવામાં આવી ચૂકી છે.

મહારાષ્ટ્ર, પંજાબ, હરિયાણા, ચંડીગઢ, મધ્ય પ્રદેશ, ગુજરાત, દિલ્હી રાજસ્થાન આ એવા રાજયો છે જ્યાં કોરોનાના નવા કેસ સતત રોકેટ ઝડપે વધી રહ્યો છે. શુક્રવારે દેશમાં જે ૨૫૦૦૦ જેટલા નવા કોરોના કેસ સામે આવ્યા છે તેમાં મોટાભાગના આ રાજયોમાંથી છે. તેમજ અડધાથી વધુ એકલા મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અચાનક વધેલી કોરોનાની ઝડપે નિષ્ણાંતોને ફરી વિચારતા કરી મૂક્યા છે. દેશમાં ફરી એકવાર ૫૩ દિવસો પછી કોરોના એક્ટિવ કેસની સંખ્યા ૨ લાખને પાર કરી ગઈ છે. એક મહિના પહેલા ૧૪ ફેબ્રુઆરીના રોજ દેશમાં ૧.૩૫ લાખ એક્ટિવ કેસ હતા. જેમાં આ એક જ મહિનામાં ૪૮ ટકા જેટલો વધારો થયો છે. દેશમાં ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ એવા છે જ્યાં દેશની રાષ્ટ્રિય એવરેજ કરતા પણ વધુ ઝડપથી કોરોના કેસ વધી રહ્યા છે.

કોવિડ વાયરસથી થતા મૃત્યુની સંખ્યા પણ વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૦ દર્દીઓના મોત થયા હતા, જે ૨૮ જાન્યુઆરી પછી સૌથી વધુ છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૫૬ લોકોના મોત થયા હતા જ્યારે પંજાબમાં ૩૪ દર્દીઓએ જીવ ગુમાવ્યા હતા. એક દિવસ પહેલા પંજાબમાં ૧૮ દર્દીઓના મોત થયા હતા એટલે કે માત્ર એક જ દિવસમાં મૃત્યુઆંક લગભગ બમણો થઈ ગયો હતો. કેરળમાં ૧૪ લોકોના મોત થયા હતા.

ભારતમાં છેલ્લે ૨ લાખથી વધુ સક્રિય કેસો ૧૮ જાન્યુઆરીએ હતા જ્યારે કેસ સતત ઘટી રહ્યા હતા. જોકે ૧૨ ફેબ્રુઆરીથી આ આંકડો સતત વધી રહ્યો છે. ૧૨ ફેબ્રુઆરીથી ૧૧ માર્ચ વચ્ચે પંજાબમાં ૭,૭૮૩ સક્રિય કેસોમાં વધારો થયો છે જે ૩૩૮%નો વધારો છે.

આગામી વર્ષથી દેશભરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર મુકાશે પ્રતિબંધ

ન્યુ દિલ્હી,તા.૧૩

આગામી ૦૧ જાન્યુઆરી, ૨૦૨૨થી દેશભરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાગી જશે. એટલું જ નહીં, ૧૨૦ માઈક્રોન સુધીની જાડાઈવાળા પ્લાસ્ટિક બેગ અને ૨૪૦ માઈક્રોન સુધીની જાડાઈવાળા નોનવુવન બેગનો ઉપયોગ પણ બંધ થઈ જશે. પ્લાસ્ટિકના કચરાના દુષ્પ્રભાવને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે આ અંગેના નોટિફિકેશનનો ડ્રાફ્ટ તૈયાર કરી લીધો છે. આ ડ્રાફ્ટ અંગે લોકોની મુશ્કેલીઓ અને સૂચનો જાણવા માટે ગુરૂવારથી ૬૦ દિવસ માટે તેને પબ્લિક ડોમેનમાં લાવવામાં આવ્યો છે. ત્યાર બાદ તેનું ગેઝેટ નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગત ફેબ્રુઆરી મહિનામાં વડાપ્રધાન કાર્યાલયે પ્લાસ્ટિકના ઉપયોગને સીમિત કરવાને અનુલક્ષીને બેઠક રાખી હતી. તે બેઠકમાં માઈક્રો પ્લાસ્ટિક એટલે કે સિંગલ યુઝ પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓનો ઉપયોગ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. તેના પહેલા ૫૦ માઈક્રોન સુધીની પ્લાસ્ટિક બેગ અને વસ્તુઓ પર પ્રતિબંધ મુકવાનો જ નિયમ હતો. દેશભરમાં સમાન રીતે લાગુ થનારા આ નવા નિયમો પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સંશોધન) નિયમ, ૨૦૨૧ તરીકે ઓળખાશે. દિલ્હીમાં પર્યાવરણ વિભાગના વિશેષ સચિવ કે.એસ. જયચંદ્રને સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધને લઈ દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિ તથા દિલ્હી પાર્ક એન્ડ ગાર્ડન સોસાયટીના નામે આદેશ પણ જાહેર કરી દીધા છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી)ના સર્વે રિપોર્ટ પ્રમાણે દેશમાં વાર્ષિક ૧૬ લાખ ટન જેટલો પ્લાસ્ટિક વેસ્ટ ઉત્પન્ન થાય છે. જ્યારે દિલ્હીમાં તે આંકડો વાર્ષિક ૮૦૦ ટન જેટલો છે. ડિસ્પોઝેબલ ક્રોકરી, પીવાના પાણીના પેક્ડ ગ્લાસ, થર્મોકોલ અને પ્લાસ્ટિકથી બનેલી સજાવટની તમામ વસ્તુઓ, પ્લાસ્ટિકની થેલીઓ, ૫૦ મિમી કે ૫૦ ગ્રામ સામાનવાળા પ્લાસ્ટિકના પાઉચ, ફુગ્ગા, ઝંડા, ટેટ્રાપેકના પાઈપ, પેકિંગ માટેની પ્લાસ્ટિક શીટ, ૫૦૦ મિમીસુધીના તરલ પદાર્થોવાળી પ્લાસ્ટિકની હલકી બોટલ્સ વગેરે.

છેલ્લા ૧૬ દિવસમાં પેટ્રોલ ૪.૭૪ અને ડીઝલ ૪.૫૨ રૂપિયા મોંઘુ થયું

ન્યુ દિલ્હી,તા.૧૩

ક્રૂડ તેલના ભાવમાં અત્યારે કોઇ રાહતના સંકેત દેખાતા નથી. વાત એમ છે કે તેલ ઉત્પાદક દેશોના સંગઠન હાલ તેલ ઉત્પાદન પર કંઇક વધુ જ નિયંત્રણ કરી રહ્યા છે. ફેબ્રુઆરી મહિના દરમ્યાન સાઉદી અરબના નેતૃત્વમાં સંગઠન સાથે જોડાયેલા દેશોએ ક્રૂડ તેલનું ઉત્પાદન દરરોજ ૬.૫ લાખ બેરલનો ઘટાડો કર્યો હતો. આ જ કારણ છે કે આ સપ્તાહે દરરોજ ક્રૂડના ભાવમાં તેજી જોવા મળી રહી છે. જો કે સપ્તાહાંતમાં તેમાં મામૂલી ઘટાડો જોવા મળ્યો. બીજીબાજુ સ્થાનિક બજારમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં આજે સતત ૧૪મા દિવસે પણ કોઇ ફેરફાર થયો નથી. શનિવારના રોજ દિલ્હી બજારમાં પેટ્રોલ ૯૧.૧૭ અને ડીઝલ ૮૧.૪૭ રૂપિયા લીટર પર સ્થિર રહ્યા. અત્યારે લગભગ દરેક શહેરમાં બંને ઈંધણના ભાવ ઓલ ટાઇમ હાઇ પર ચાલી રહ્યો છે.

ભારતમાં તો એમ પણ કહેવાય છે કે સરકારી તેલ કંપનીઓ પેટ્રોલ-ડીઝલના ભાવ નક્કી કરવા માટે સ્વતંત્ર છે. પરંતુ તેમના કામકાજમાં એવું દેખાતું નથી. કારણ કે જયારે-જયારે ચૂંટણીની મોસમ આવે છે ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ તેલ મોંઘું હોવા છતાંય પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થાનિક બજારમાં સ્થિર રહે છે. ચૂંટણી પૂરી થતાં જ પાછા ભાવ વધવા લાગે છે. ગયા ઑક્ટોબર-નવેમ્બર દરમ્યાન જયારે બિહારમાં વિધાનસભા ચૂંટણી થઇ રહી હતી ત્યારે સતત ૪૮ દિવસ સુધી ભાવમાં કોઇ ફેરફાર થયો નહોતો. ત્યારબાદ લગભગ દરરોજ ભાવ વધ્યા. અત્યારે પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી છે.

અત્યારે ભલે પેટ્રોલના ભાવમાં શાંતિ હોય પરંતુ ગયા ફેબ્રુઆરી મહિના દરમ્યાન પેટ્રોલના ભાવમાં ૧૬ દિવસ વધારો થયો છે. તેથી ૪.૭૪ રૂપિયા મોંઘુ થયું છે. જયારે ૧૬ દિવસમાં ડીઝલના ભાવ ૪.૫૨ રૂપિયા વધ્યા છે.

એક વર્ષ પહેલાં આતંક મચાવનાર કોરોના રિટર્ન...!!

મહારાષ્ટ્ર, પંજાબ સહિત કેટલાક રાજ્યોમાં નાઈટ કર્ફ્યુ, સ્કૂલ-કોલેજ બંધ

મહારાષ્ટ્ર, પંજાબ, મધ્ય પ્રદેશ, ગુજરાત, તમિલનાડ અને કર્ણાટકમાં સૌથી વધુ કેસ સામે આવી રહ્યાં છે

ન્યુ દિલ્હી,તા.૧૩

દેશમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. દરેક પ્રકારના ઉપાયો છતાં ઘણા રાજ્યોમાં સ્થિતિ નિયંત્રણની બહાર થતી જોવા મળી રહી છે. દેશમાં લગભગ દોઢ મહિના બાદ એક દિવસાં ૨૪ હજારથી વધુ કેસ સામે આવ્યા. મહારાષ્ટ્ર, પંજાબ, મધ્ય પ્રદેશ, ગુજરાત, તમિલનાડ અને કર્ણાટકમાં સૌથી વધુ કેસ સામે આવી રહ્યાં છે. દિલ્હીમાં પણ નવા કેસોની સંખ્યા વધી રહી છે. પંજાબમાં ફરી એક વાર સ્કૂલો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રમાં કોરોનાની સ્થિતિ બેકાબૂ બનતાં ઔરંગાબાદ, નાગપુર, પરભણી અને પુણેમાં ફરી વાર લોકડાઉન લાદવામાં આવ્યો છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ હજારથી વધુ કેસ સામે આવ્યા છે. ઔરંગાબાદમાં કોરોનાના વધતાં કેસોને જોતાં વીકેન્ડ પર સંપૂર્ણ લોકડાઉન લગાવવામાં આવ્યું છે. નાગપુરમાં ૧૫થી ૨૧ માર્ચ સુધી લોકડાઉન રહેશે. આ દરમિયાન ખાનગી ઓફિસ બંધ રહેશે અને સરકારી ઓફિસ ૨૫ ટકા કર્મચારીઓ સાથે ચાલુ રહેશે. લોકડાઉન પહેલાં બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે.

પંજાબમાં રાજ્ય સરકારે ફરી સ્કૂલો બંધ કરવાનો નિર્ણય લીધો છે. ૧૩ માર્ચથી આ આદેશ લાગુ પડશે. આ દરમિયાન ૧૨માં ધોરણ સુધીની તમામ સ્કૂલો બંધ રહેશે. બીજી બાજુ, લુધિયાણા પટિયાલા, મોહાલી અને ફતેહગઢ સાહિબ સહિત આઠ જિલ્લામાં નાઈટ કર્ફ્યૂ લગાવવામાં આવ્યો છે. બીજી બાજુ, દિલ્હીમાં કોરોનાના કેસોની સંખ્યા વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૩૧ કેસ નોંધાયા હતા. શુક્રવારે દિલ્હીમાં દક્ષિણ આફ્રીકી કોરોના વાયરસ સ્ટ્રેનનો શંકાસ્પદ દર્દી સામે આવ્યો હતો. કેરળનો રહેવાસી આ દર્દી બુધવારે દક્ષિણ આફ્રીકાથી આવ્યો હતો. જ્યારે નવા સ્ટ્રેનની તપાસ માટે સેમ્પલ લેબમાં મોકલવામાં આવ્યા છે.

બ્રાઝિલમાં ૨૪ કલાકમાં ૮૫ હજારથી વધુ પોઝિટિવ કેસ નોંધાયા

બ્રાઝીલમાં કોરોનાનો મહાભરડો, અમેરિકા બાદ બીજા નંબરે પહોંચ્યો દેશ

રિયો ડિ જાનેરો/ વોશિંગ્ટન,તા.૧૩

પડોશી દેશ ચીનથી સમગ્ર વિશ્વમાં ફેલાયેલા કોરોનાએ આજે માનવજાતિ માટે એક મોટી ચિંતા ઉભી કરી દીધી છે. વિશ્વમાં સૌથી વધુ કેસ અમેરિકામાંથી સામે આવી રહ્યા છે. આ ઉપરાંત હવે બ્રાઝીલમાંથી પણ રોજ કોરોનાનાં કેસનો આંક વધતો જઇ રહ્યો છે.

અમેરિકામાં કોરોના આજે પણ ચિંતાનુ મોટુ કારણ છે, અહી હવે કુલ ૩ કરોડ કોરોનાનાં કેસ છે. આ સાથે જો બ્રાઝીલની વાત કરવામાં આવે તો અહી પણ કોરોનાએ માથુ ઉચક્યુ છે. આપને જણાવી દઇએ કે, કોરોના વાયરસથી સૌથી વધુ અસરગ્રસ્ત દેશોનાં કિસ્સામાં, બ્રાઝીલ અમેરિકા પછી બીજા સ્થાને પહોંચી ગયું છે. અત્યાર સુધીમાં ભારત બીજા નંબરે હતું. બ્રાઝીલનાં આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, દેશમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોવિડ-૧૯ નાં ૮૫ હજાર ૬૬૩ નવા કેસ નોંધાયા છે અને આની સાથે તેનાથી અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૧ કરોડ ૧૩ લાખ ૬૩ હજાર ૩૮૯ થઈ ગઈ છે. જે એક ચિંતાનું મોટુ કારણ બની ગયુ છે. ત્યારે હવે આ વાયરસને કેવી રીતે માત આપવી અને બની શકે તેટલા લોકોને કેવી રીતે આનાથી બચાવવા, તેના પર બ્રાઝીલ સરકારનું ધ્યાન કેન્દ્રિત થયુ છે. આપને જણાવી દઇએ કે, દેશમાં આ રોગચાળાને કારણે ૨.૭૫ લાખથી વધુ લોકોનાં મોત નીપજયાં છે. કોવિડ-૧૯ દ્વારા અસરગ્રસ્ત થવાની દ્રષ્ટિએ યુ.એસ. પ્રથમ ક્રમે છે, જયાં અત્યાર સુધીમાં ૨.૯૩ કરોડ લોકો કોરોનાથી પ્રભાવિત થયા છે. વળી ભારતમાં ત્રીજા નંબરે ૧ કરોડ ૧૩ લાખ ૬૩ હજાર ૩૮૯ અસર થઈ છે. વળી જો ઈટાલીની વાત કરવામા આવે તો અહી એકવાર ફરી લોકડાઉન આપવામાં આવ્યુ છે.

ભારતમાં પણ, કોરોના ફરી એક વાર વેગ પકડી રહ્યો છે. શુક્રવારે ૨૪ હજાર ૮૪૫ નવા સંક્રમિત કેસ જોવા મળ્યા હતા. જે ભારત માટે ફરી એકવાર ચિંતાનો વિષય બની ગયો છે. આ વાયરસથી ૧૯ હજારથી વધુ લોકો શુક્રવારે ઠીક થયા જ્યારે ૧૪૦ લોકોનાં મોત થયા હતા. આ રીતે, સક્રિય કેસની સંખ્યા, એટલે કે દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે, જેમાં ૪ હજાર થી વધુ દર્દીઓનો વધારો થયો છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૫ હજાર ૮૧૭ કેસ સામે આવ્યા હતા.

ઈસરોએ શ્રીહરિકોટાથી સાઉન્ડિંગ રોકેટનું સફળ લોન્ચિંગ કર્યું

શ્રીહરિકોટા,તા.૧૩

ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ઈસરો)એ શ્રીહરિકોટા પરીક્ષણ કેન્દ્ર ખાતેથી પોતાનું સાઉન્ડિંગ રોકેટ લોન્ચ કર્યું હતું. આ રોકેટ હવામાં વ્યવહારિક ફેરફાર અને પ્લાઝ્મા ગતિશીલતા પર અભ્યાસની દિશામાં નવા પરિમાણ સ્થાપિત કરશે. ઈસરોએ શુક્રવારે રાતે પોતાના સત્તાવાર એકાઉન્ટ પરથી ટ્વીટ કરીને તેની જાણકારી આપી હતી. ઈસરોના સાઉન્ડિંગ રોકેટની મદદથી વાયુમંડળમાં ઉપસ્થિત તટસ્થ હવાઓમાં ઉંચાઈ પર થનારા ફેરફારો અને પ્લાઝ્માની ગતિશીલતાનો અભ્યાસ કરવામાં આવશે.ઈસરોએ રોકેટ લોન્ચિંગની તસવીરો શેર કરીને લખ્યું હતું કે, 'શ્રીહરિકોટા રેન્જ ખાતે આજે ન્યૂટ્રલ વિન્ડ અને પ્લાઝ્મા ડાયનામિક્સમાં એટિટ્યુડિનલ વેરિએશનનો અભ્યાસ કરવા માટે સાઉન્ડિંગ રોકેટ લોન્ચ કરવામાં આવ્યું.

ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૭૭૫

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૭૭૩૯૭

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૨

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૫૭૯

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૬૮૮૭૫

તંત્રી સ્થાનેથી...

સ્વિટ્ઝર્લેન્ડ બાદ શ્રીલંકામાં પણ બુરખા પર પ્રતિબંધ લાગશે

ધાર્મિક કટ્ટરપંથનો સામનો કરી રહેલ શ્રીલંકા બુરખા પર પ્રતિબંધ લગાવવાની તૈયારીમાં છે. મહિંદા રાજપક્ષે સરકારના એક મંત્રીએ શનિવારે જાહેરાત કરી કે શ્રીલંકા જલદી બુરખા પર પ્રતિબંધ લગાવશે. તેમણે તે પણ કહ્યું કે, આ સિવાય ઓછામાં ઓછી ૧ હજાર ઇસ્લામી શાળાઓને બંધ કરવામાં આવશે. શ્રીલંકા સિવાય વિશ્વના અનેક દેશો પણ બુરખા પર પ્રતિબંધ લગાવી ચુક્યા છે. થોડા દિવસ પહેલા સ્વિટ્ઝર્લેન્ડે જનમત સંગ્રહ કરી બુરખો પહેરવા પર પ્રતિબંધ લગાવ્યો હતો.

શ્રીલંકાના જાહેર સુરક્ષા મંત્રી સરથ વેરાસેકેરાએ કહ્યુ કે, તેમણે કેબિનેટની મંજૂરી માટે એક બિલ પર સહી કરી છે. આ બિલમાં રાષ્ટ્રીય સુરક્ષાના આધાર પર મુસ્લિમ મહિલાઓના બુરખા પર પ્રતિબંધ લગાવવાની માંગ કરવામાં આવી છે. જો આ બિલ કેબિનેટમાં પાસ થાય તો શ્રીલંકાની સંસદ તેના પર કાયદો બનાવી શકે છે.

વેરાસેકેરાએ કહ્યુ કે, સરકારે એક હજારથી વધુ મદરેસા ઇસ્લામિક સ્કૂલો પર પ્રતિબંધ લગાવવાની યોજના બનાવી છે. તેમણે તે પણ કહ્યું કે, આ મદરેસા શ્રીલંકાની રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ભંગ કરી રહ્યાં છે. તેમણે કડક શબ્દોમાં કહ્યું કે, કોઈપણ સ્કૂલ ન ખોલી શકે અને બાળકોને તમે જે ઈચ્છો તે ન શીખવાડી શકો.

સરથ વેરાસેકેરાએ કહ્યુ કે, પહેલાના સમયમાં મુસ્લિમ મહિલાઓ અને યુવતીઓ બુરખો પહેરતી નહતી. આ હાલમાં આવેલા ધાર્મિક અતિવાદનો સંકેત છે. અમે ચોક્કસપણે તેના પર પ્રતિબંધ લગાવવા જઈ રહ્યાં છીએ. માનવામાં આવી રહ્યું છે કે આ કાયદાથી શ્રીલંકામાં મુસ્લિમોનો ગુસ્સો વધી શકે છે.

સેનાને શોપિયામાં મોટી સફળતા મળી: હિઝબુલના ૭ આતંકીની ધરપકડ

શોપિયાં,તા.૧૩

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળોને મોટી સફળતા પ્રાપ્ત થઇ છે. શનિવારે શોપિયાંમાં હિઝબુલ મુજાહિદ્દીનના સાત આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી શસ્ત્રો પણ મળી આવ્યા છે. જમ્મુ-કાશ્મીર પોલીસે પણ તેની પુષ્ટિ કરી છે.

જમ્મુ-કાશ્મીર પોલીસે કહ્યું કે, 'શોપિયાંની પોલીસે નાકા પર ચેકીંગ કરતી વખતે સાત ઓન ગ્રાઉન્ડ કામદારોની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન બધાએ હિઝબુલ મુજાહિદ્દીન સંગઠન સાથે સંબંધ હોવાનું કબૂલ્યું હતું. તપાસ દરમિયાન તેમની પાસેથી હેન્ડ ગ્રેનેડ, એકે ૪૭ની મેગેઝિન અને ગોળીઓ મળી આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સાત આતંકીઓ વિરુદ્ધ શોપિયાં પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. તપાસ કરવામાં આવી રહી છે. જે આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે તેઓ મીમેંદર, ડાચીપોરા, વેહિલ વિસ્તારના રહેવાસી છે.

ઓડિશા વિધાનસભામાં ભાજપ ધારાસભ્યનો સેનિટાઈઝ પી આત્મહત્યાનો પ્રયાસ

ભૂવનેશ્વર,તા.૧૩

ઓડિશા વિધાનસભામાં બજેટ સત્રના બીજા તબક્કાની શરૂઆત ખૂબ જ હંગામાવાળી રહી. સદનમાં વિપક્ષી પાર્ટી ભાજપ અને કોંગ્રેસે રાજ્ય સરકાર પર ખેડૂતો પાસેથી અનાજની ખરીદીમાં અનિયમિતતાનો આરોપ લગાવીને હંગામો મચાવ્યો હતો. તે સમયે દેવગઢથી ભાજપના ધારાસભ્ય સુભાષ ચંદ્ર પાણિગ્રહીએ વિધાનસભામાં આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો અને સદનમાં સેનિટાઈઝર પી લીધું હતું.

તેમણે બજારમાંથી ખેડૂતોના અનાજની ખરીદીના મુદ્દે ધ્યાન ખેંચવા આ પગલું ભર્યું હતું. રાજ્યના ફુડ સપ્લાય અને કંઝ્યુમર વેલફેર મંત્રી રનેન્દ્ર પ્રતાપ સ્વૈન શુક્રવારે સદનમાં સવાલોના જબાવ આપી રહ્યા હતા તે સમયે તેમણે આ પગલું ભર્યું હતું. સુભાષ ચંદ્રે અગાઉ પણ બે વખત આત્મહત્યાની ચીમકી આપી હતી. સદનમાં અનાજની ખરીદી મુદ્દે ભારે હંગામો થયો હતો. ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યોએ સદનમાં આ મામલે રાજ્ય સરકાર વિરૂદ્ધ નારાબાજી કરી હતી. રનેન્દ્ર પ્રતાપે ધારાસભ્યોને જે ખેડૂતો ખરીફ પાક વેચવાથી વંચિત રહી ગયા હોય તેમની યાદી આપવા કહ્યું હતું અને હંગામાને પગલે સદનની કાર્યવાહી સ્થગિત પણ કરવી પડી હતી.

બિહારમાં બુરાડી કાંડ પાર્ટ-૨, પાંચ સભ્યોએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી

સુપૌલમાં ત્રણ બાળકો સહિત પરિવારના પાંચ લોકોની આત્મહત્યાથી સનસનાટી

સુપૌલ,તા.૧૩

બિહારના સુપૌલથી દિલ્હીના બુરાડી જેવી જ ઘટના સામે આવી છે. અહીં એક જ પરિવારના ૫ સભ્યોએ એક સાથે ગળેફાંસો ખાઈ આત્મહતા કરી લેતા સનસનાટી મચી જવા પામી છે. પતિ-પત્ની અને તેમના ૩ બાળકો સહિત ૫ લોકોએ મોતને વ્હાલુ કર્યું હતું. આ ઘટના સામે આવતા ફરી એકવાર લોકોને બુરાડી કાંડની યાદો તાજી થઈ ગઈ હતી.

ઘટના સુપૌલી જીલ્લાના ગદ્દી ગામની છે, જ્યાં મોડી રાત્રે મિશ્રી લાલ સાહના ઘરમાંથી ભયાનક દુર્ગંધ આવતી હોવાની ફરિયાદ થઈ હતી. ગામના સરપંચે મોડી રાત્રે ૯ વાગ્યે ગામલોકોની મદદથી મિશ્રી લાલના ઘર પરની બારી તોડી તો પરિવારના ૫ સભ્યો ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતાં. તમામ મૃતદેહ કોહવાઈ ગયેલી સ્થિતિમાં હાથ

લાગ્યા હતાં.

બંધ ઘરમાં એક જ પરિવારના તમામે તમામ ૫ સભ્યો લટકતા મળ્યાં હતાં. આ ઘટનાની જાણકારી પોલીસને આપવામાં આવી હતી. ગામના સરપંચે કહ્યું હતું કે, મૃતક પરિવારની ગામમાં કોઈની સાથે કોઈ જ દુશ્મની નહોતી. મિશ્રી લાલ પાસે કોઈ રોજગારી નહોતી. જેથી માની શકાય આર્થિક તંગીના કારણે પરિવારે ૫ થી ૬ દિવસ પહેલા આત્મહત્યા કરી હશે.

ઘટનાની જાણકારી મળતા જ રાત્રે ૧૨ વાગ્યે બીરપુર એસપી, સુપૌલી પોલીસ અધિક્ષક ઘટનાસ્થળ પર પહોંચી ગયા હતાં અને આ કેસની તપાસ હાથ ધરી હતી. માત્ર ગણતરીની મિનિટોમાં જ ગામ આખુ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયુ હતું. ક્વીજીન્ની ટીમ પણ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. પોલીસે ગામ લોકો સાથે વાતચીત કરી તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે આ અગાઉ રાજધાની દિલ્હીને અડીને આવેલા બુરાડી ગામમાં એક જ પરિવારના ૧૧ લોકોએ ગળો ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાએ દેશભરમાં સનસનાટી મચાવી દીધી હતી.

રાધોપુરના એસપી મનોજ કુમાર પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે આત્મહત્યાનું કારણ હજી સ્પષ્ટ નથી થયું અને ક્વીજીન્ની ટીમથી પણ તપાસ કરાવવામાં આવી રહી છે. અડોશપડોશના લોકોનું કહેવું છે કે પરિવારની આર્થિક સ્થિતિ ખરાબ હતી અને છેલ્લાં બે વર્ષથી જમીન વેચીને ગુજરાન ચલાવતા હતા. પરિવાર કોલસા વેચવાનો વેપાર કરતો હતો, જે લોકડાઉનમાં બંધ થઈ ગયો હતો. પરિવારે આસપાસના લોકોને પણ મળવાનું બંધ કરી દીધું હતું. મૃતકોમાં મિશ્રી લાલ સાહ, તેમની પત્ની રેણુ દેવી અને તેમની બે સગીર દીકરી અને એક દીકરો સામેલ છે.

દેશના જાણીતા ઉદ્યોગપતિ રતન ટાટાએ કોરોના વેક્સિન લીધી

મુંબઈ,તા.૧૩

દેશના જાણીતા ઉદ્યોગપતિ રતન ટાટાએ પણ કોરોના વાયરસ વિરૂદ્ધ એન્ટીબોડી બને તે માટે કોરોના રસી લઈ લીદી છે. ૮૩ વર્ષીય ટાટાએ કહ્યું કે, તેમને રસી લેતા સમયે કોઈ દુખાવો થયો ન હતો અને સમગ્ર પ્રક્રિયા એકદમ સરળ હતી. તેમણે આશા વ્યક્ત કરી છે કે દેશની દરેક વ્યક્તિને કોરોના રસી લાગશે.

રતન ટાટાએ ટ્વીટ કરીને લખ્યું, 'મેં આજે કોરોના રસીનો પ્રથમ ડોઝ લઈ લીધો છે જેનો હું આભારી છું. આ એકદમ સરળ છે અને તેમાં કોઈ દુખાવો નથી થતો. મને વાસ્તવમાં આશા છે કે દરેક વ્યક્તિને ટૂંકમાં જ રસી આપવામાં આવશે.

રતન ટાટા તરફથી રસી લીધાની જાણકારી શેર કર્યા બાદ દેશભરમાં રસીકરણ અભિયાનને વધારે મજબૂતી મળવાની ધારણા છે કારણ કે તેમની ઉંમર અને તેમના કદની એક મોટા વર્ગ પર અસર થશે. જે લોકો ખુદ અથવા ઘરના વૃદ્ધોને કોરોના રસી અપાવતા ડરે છે તેમને હવે એવું થશે કે જો રતન ટાટા ૮૩ વર્ષની ઉંમરે કોરોના રસી લઈને ખુશ છે તો નિશ્ચિત પણે તેમાં કોઈ જોખમ નહીં હોય.

એન્ટિલિયા કેસમાં નવો વળાંક

આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર સચિન વઝેનને ક્રાઈમ બ્રાન્ચમાંથી હટાવાયા

મુંબઈ,તા.૧૩

મહારાષ્ટ્ર ગૃહ વિભાગના આદેશ પર મુંબઈ પોલીસના આસિસ્ટન્ટ પોલીસ-ઈન્સ્પેકટર સચિન વઝેને ક્રાઈમ બ્રાન્ચમાંથી હટાવવામાં આવ્યા છે. તેમને નાગરિક સુવિધા કેન્દ્રમાં મોકલવામાં આવ્યા છે. આ આદેશ શુક્રવાર ૧૨ માર્ચ મોડી સાંજે જાહેર કરવામાં આવ્યો હતો. વઝેએ પણ તેને ક્રાઈમ બ્રાંચમાંથી હટાવવાની પુષ્ટિ કરી છે. ૧૦ માર્ચે ગૃહમંત્રી અનિલ દેશમુખે વિરોધના ધાંધલધમાલ બાદ વાઝેના ટ્રાન્સફરની વાત કરી હતી.

વઝેએ ધરપકડના ડરથી આગોતરા જામીન માટે થાણે સેશન કોર્ટમાં અરજી કરી છે. કોર્ટે જામીન અરજી સ્વીકારી છે અને સુનાવણીની આગામી તારીખ ૧૯ માર્ચ નક્કી કરી છે.

વઝેનું નામ ૨૫ ફેબ્રુઆરીએ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના ઘર 'એન્ટિલિયા'ની બહારથી મળી આવેલી સ્કોર્પિયોના માલિક મનસુખ હિરેનના મૃત્યુ સાથે સંકળાયેલું છે. મનસુખના મોત મામલે મહારાષ્ટ્ર એટીએસએ હત્યા અને ગુનાહિત કાવતરું ઘડવાનો કેસ નોંધ્યો છે. મનસુખની પત્ની વિમલા હિરેને પણ વઝે પર તેના પતિની હત્યામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો છે. આ આરોપ વિમલા હિરેને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને લખેલા એક પત્ર દ્વારા લગાવ્યો હતો. એનો ઘટસ્ફોટ પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં ગત સપ્તાહે કર્યો હતો.

સ્કોર્પિયો મળી આવ્યાના એક અઠવાડિયા પછી મનસુખ હિરેનની લાશ તેના ઘરથી સાત કિલોમીટર દૂર થાણેની દરિયાઈ ખાડીમાંથી મળી હતી. આ પછી તેની પત્નીએ જણાવ્યું હતું કે તેની સ્કાર્પિયો કાર છેલ્લા ચાર મહિનાથી એપીઆઈ સચિન વઝે ઉપયોગ કરી રહ્યો હતો. તેણે એટીએસમાં નોંધાવેલા નિવેદનમાં પણ સચિન વઝે પર હત્યાની શંકા પણ વ્યક્ત કરી છે.

ડીજીસીએએ હવાઈ મુસાફરીની નવી ગાઈડલાઈન્સ જાહેર કરી

માસ્ક યોગ્ય રીતે નહીં પહેરનાર યાત્રીને પ્લેનમાંથી ઉતારી દેવાશે

ન્યુ દિલ્હી,તા.૧૩

કોરોના મહામારી દરમિયાન હવાઈ યાત્રા કરનાર લોકોને સાવધાની રાખવી જ પડશે. આવું ન કરનાર યાત્રી વિરૂદ્ધ ડાયરેક્ટ્રેટ જનરલ ઓફ સિવિલ એવિએશનએ કડક પગલા લેવાની ચેતવણી આપી છે. એક સર્કુલરમાં ડીજીસીએએ કહ્યું છે કે, એરપોર્ટમાં દાખલ થવાથી લઈ બહાર નિકળવા સુધી દરેક સમયે માસ્ક પહેરવું પડશે. આ સિવાય હવાઈ યાત્રા દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિગના નિયમનું પાલન કરવાનું રહેશે. નહી તો પ્લેનથી ઉતારી દેવામાં આવશે. ડીજીસીએએ કહ્યું કે, કોઈ વ્યક્તિ વારંવાર નિયમોનું પાલન નથી કરતો તો તેને 'ઉપદ્રવી યાત્રી' ગણવામાં આવશે.

ડીજીસીએએ સર્કુલરમાં કહ્યું છે કે, હવાઈ યાત્રા કરનાર કેટલાક યાત્રી કોરોના પ્રોટોકોલનું પાલન

કરતા નથી. માસ્ક પણ વ્યવસ્થિત પહેરતા નથી અને સોશિયલ ડિસ્ટન્સ પણ ફોલો નથી કરતા. ડીજીસીએ અનુસાર વારંવાર જોવામાં આવ્યું છે કે, યાત્રી એરપોર્ટમાં ઘૂસતા સમયે યોગ્ય રીતે માસ્ક પહેરતા નથી અને બહાર નિકળતા સમયે પણ. એરક્રાફ્ટમાં બેસીને પણ કેટલાક યાત્રી કોવિડ નિયમોનું પાલન નથી કરતા.

એર ટ્રાવેલ દરમિયાન દરેક સમયે યાત્રીએ માસ્ક પહેરી રાખવું પડશે તથા સોશિયલ ડિસ્ટન્સ જાળવી રાખવું પડશે. માસ્ક નાકથી નીચે ન કરવું જ્યાં સુધી અપવાદની સ્થિતિ ન હોય.

એરપોર્ટમાં એન્ટ્રી પોઈન્ટ પર તૈનાત સીઆઈએસએફ અથવા અન્ય પોલીસ કર્મચારી એ સુનિશ્ચિત કરશે કે કોઈ પણ માસ્ક વગર અંદર આવે નહી. સીએએસઓ અને અન્ય સુરવાઈઝિંગ અધિકારી તેને અંગત રીતે નક્કી કરે.

એરપોર્ટ ડાયરેક્ટર/ટર્મિનલ મેનેજર એ જરૂરથી સુનિશ્ચિત કરે કે યાત્રી એરપોર્ટ પરિસરમાં દરેક સમયે ઠીકથી માસ્ક લગાવે અને સોશિયલ ડિસ્ટન્સિંગ ફોલો કરે. જો કોઈ કોવિડ પ્રોટોકોલનું પાલન ન કરે તો તેને ચેતવણી આપ્યા બાદ સુરક્ષા એજન્સીઓના હવાલે કરી દેવામાં આવશે. કાયદા અનુસાર એક્શન પણ લેવામાં આવી શકે છે.

ડિપાર્ચર પહેલા પ્લેનમાં બેસેલા યાત્રી જો ચેતવણી આપ્યા બાદ પણ યોગ્ય રીતે માસ્ક નથી પહેરતા તો તેને ઉતારી દેવો જોઈએ. ફ્લાઈટ દરમિયાન જો વારંવાર માસ્ક પહેરવાથી ઈકાર કરે છે અને કોવિડ પ્રોટોકોલનું પાલન ન કરે તો તેને 'ઉપદ્રવી યાત્રી' માફક વ્યવહાર કરવામાં આવશે.

શતાબ્દી એક્સપ્રેસના કોચમાં ભયંકર લાગતા ચકચાર: તમામ મુસાફરો સુરક્ષિત

ન્યુ દિલ્હી,તા.૧૩

દિલ્હીથી દેહરાદૂન જતી શતાબ્દી ટ્રેનના એક કોચમાં ભયંકર આગ લાગી. આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ કહેવાય છે. રાહતની વાત એ છે કે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. એન્જિનથી આઠમા કોચમાં આગ લાગી હતી. આગ લાગ્યા બાદ આકોચને ટ્રેનથી અલગ કરી દેવાયો. ત્યારબાદ ફાયરબ્રિગેડને બોલાવામાં આવી. ગાર્ડની તરફથી મળતી માહિતી પ્રમાણે આ ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી. આ કોચમાં ૩૫ પેસેન્જર હતા જેમને બીજા કોચમાં શિફ્ટ કરી દેવાયા. સ્થિતિ સામાન્ય થયા બાદ ટ્રેન પોતાના ગંતવ્યની તરફ નીકળી. આપને જણાવી દઈએ કે શતાબ્દી ટ્રેનના એક કોચ સી-૪માં આ આગ લાગી. ઘટના દરમ્યાન ઈમરજન્સી બ્રેક લગાડીને ટ્રેનને રોકી દીધી. ઘટના રાયવાલા અને કાંસરો રેન્જની વચ્ચે બની.

ઉત્તરાખંડના ડીજીપી અશોક કુમારના મતે ઘટના કાંસરોની પાસે બની. દિલ્હી-દેહરાદૂન એક્સપ્રેસ ટ્રેનમાં લાગેલી આગનું કારણ શોર્ટ સર્કિટ હતું. રેલવેના અધિકારી અને જીઆરપી પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઇ હતી.

ટ્રમ્પ સરકારના નિર્ણયોને પલટાવશે, ભારતીયોમાં ખુશીની લહેર

બાઈડેન સરકારનો મોટો નિર્ણય: એચ-૧બી વિઝા પોલિસીમાં જૂના નિયમો અમલી બનશે

વોશિંગ્ટન,તા.૧૩

બદલાતા સમયની સાથે જે બદલાઈ જાય તેને મિત્ર કહેવાય નહીં. આ વાત અમેરિકાએ સાબિત કરી દીધી છે. ભારત અને અમેરિકાની દોસ્તીનું દમ ફરીથી દેખાયું કારણ કે બાઈડેન પ્રશાસને એચ-૧બી વીઝા પોલિસી સાથે જોડાયેલા જૂના નિયમોને પાછા લાવી દીધા છે. અમેરિકાના આ પગલાંથી ભારતમાં ખુશીની લહેર દોડી ગઈ છે કારણ કે રોજગારીનો મોટો રસ્તો ખૂલી ગયો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનએ ટ્રમ્પ સરકારના નિર્ણયો પર ફરીથી વિચાર કરવાનો નિર્ણય કર્યો છે. આ યાદીમાં એચ-૧બી વીઝા પોલિસીનો પણ મુદ્દો છે. આપને યાદ હશે કે ટ્રમ્પ સરકારે વિદેશી કર્મચારીઓ માટે રજૂ કરેલા એચ-૧બી વીઝાથી સંબંધિત ૩ નવા નિયમો બનાવ્યા હતા. નવા નિયમોના લીધે અમેરિકામાં કામ કરી રહેલા ભારતીય લોકોને ખૂબ મુશ્કેલી થઈ હતી. સરકાર બદલાયા બાદ બાઈડેન મેનેજમેન્ટે આ ત્રણેય નીતિગત નિર્ણયોને પાછા લઈ લીધા છે આથી અમેરિકામાં બીજા દેશના લોકોને મુશ્કેલી પડી રહી હતી.

ભારત અને અમેરિકાની દોસ્તી કેટલી મજબૂત છે. બાઈડેન સરકારનો નવો નિર્ણય આ વાતનું સૌથી મોટું ઉદાહરણ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન અને પ્રધાનમંત્રી મોદી એક બીજાનું સમ્માન કરે છે અને વિવાદોને ઉકેલવા માટે ખુલ્લા મનથી ચર્ચા કરે છે. એચ-૧બી વીઝા પર નવા નિયમોનો ભારતે વિરોધ કર્યો હતો અને પોતાની આપત્તિ વ્યક્ત કરી હતી. સરકાર બદલાવા છતાંય અમેરિકાએ ભારત સાથે દોસ્તી નિભાવામાં કોઈ કસર છોડી નહોતી.

બાઈડેનના મોટા નિર્ણયથી ભારતીય આઈટી પ્રોફેશનલે રાહતના શ્વાસ લીધા છે. એચ-૧બી વીઝાને લઈ ટ્રમ્પ પ્રશાસનના વિવાદાસ્પદ નિયમોના લીધે આઈટી પ્રોફેશનલને ખાસ્સી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. બાઈડેન સરકાર મોટા નિર્ણયથી હવે એ તમામ ભારતીય આઈટી પ્રોફેશનલને ફાયદો થશે જે અમેરિકા જવાનું સપનું જોઈ રહ્યા છે. અમેરિકામાં ભારતીય મૂળના હજારો આઈટી પ્રોફેશનલ કામ કરે છે અને લાખો યુવા આઈટી પ્રોફેશનલ પોતાની કેરિયરની શરૂઆત અમેરિકાથી કરવા માંગે છે.

ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિંહા ટીએમસીમાં જોડાયા

કોલકાત્તા,તા.૧૩

પૂર્વ બીજેપી નેતા યશવંત સિંહા શનિવારા તૃણમૂલ કૉંગ્રેસમાં શામેલ થયા છે. પશ્ચિમ બંગાળના રાજધાની કોલકાતા સ્થિત ટીએમસી ભવનમાં સિંહાએ તૃણમૂલ કૉંગ્રેસનું સભ્યપદ લીધું હતું. આ દરમિયાન પત્રકારો સાથે વાતચીત કરતા સિંહાએ જણાવ્યુ કે, મારા નિર્ણયથી લોકો ચોંક્યા હશે. હું પાર્ટી પોલિટિક્સથી અલગ થઈ ગયો હતો. પરંતુ આજે આપણા દેશનો મૂલ્યો ખતરામાં છે. આપણી સંસ્થાઓમાં પ્રજાતંત્રની તાકાત રહેલી છે. પરંતુ આજે આપણી સંસ્થાઓ કમજોર થઈ રહી છે. જેમાં દેશનું ન્યાયતંત્ર પણ શામેલ છે. સિંહાએ જણાવ્યું કે સરકારની મનમાની પર અંકુશ લગાવાનાર કોઈ વધ્યું નથી. પશ્ચિમ બંગાળના વર્તમાન મુખ્યમંત્રી મમતા બેનરજી પર બુધવારે નંદીગ્રામમાં થયેલા કથિત હુમલા પછી તેઓ કોલકાતાની હોસ્પિટલમાં ભરતી છે. આ દરમિયાન તેઓએ વીડિયો સંદેશ જાહેર કર્યો છે. જેમાં તેઓએ કહ્યું છે કે, ×હું મારા ભાઇઓ-બહેનોને શાંત રહેવાની અપીલ કરું છું. એ સાચું છે કે કાલે મને ઇજા થઇ હતી. મારા પગ, હાથ અને ઘૂંટણમાં ઇજા થઈ છે. લિગામેંટ્સ ડેમેજ થયું છે. કાલે હું પોતાની ગાડીના બોનેટ પર ઉભી થઈને લોકોનું અભિવાદન કરી રહી હતી ત્યારે પાછળથી ધક્કો લાગ્યો હતો. જેના કારણે હું પડી ગઈ અને ઇજા પહોંચી છે. મમતા બેનરજીએ વધુમાં કહ્યું હતું કે, ×હું ટીએમસી કાર્યકર્તાઓ અને બધા લોકોને અપીલ કરું છું કે શાંતિ અને સંયમ બનાવી રાખે. એવું કશું પણ ન કરો જેનાથી જનતાને કોઈપણ પ્રકારની તકલીફ પડે. આગામી બે ત્રણ દિવસમાં હું ફરી ચૂંટણી પ્રચાર અભિયાનના કામમાં પરત ફરીશ. કદાચ મારે પુરુલિયાની રેલી વ્હીલચેર પર કરવી પડી શકે છે.

માયાવતી પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ઝંપલાવશે

લખનઉ,તા.૧૩

બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષ તેમજ ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ પશ્ચિમ બંગાળમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીને પોતાના બળ પર લડવાનુ એલાન કર્યુ છે. આ એલાન તેમણે લેટેસ્ટ ઘટનાક્રમને જોઈને શુક્રવારે(૧૨ માર્ચ) કર્યુ છે. સાથે આ અંગેની માહિતી ટ્વિટ કરીને આપી છે. એટલુ જ નહિ બસપા અધ્યક્ષ માયાવતીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તેમજ તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખ મમતા બેનર્જી પર ચૂંટણી દરમિયાન થયેલ હુમલાને દૂર્ભાગ્યપૂર્ણ ગણાવ્યો છે. બસપા અધ્યક્ષ તેમજ પૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ શુક્રવારે(૧૨ માર્ચ) બે ટ્વીટ કર્યા છે. ટ્વિટમાં માયાવતીએ પોતાના દમ પર પશ્ચિમ બંગાળની ચૂંટણી લડવાની વાત કહી છે. માયાવતીએ લખ્યુ, 'આ સાથે સાથે આ લેટેસ્ટ ઘટનાના કારણે અહીં પોતાના બળ પર પશ્ચિમ બંગાળ વિધાનસભા સામાન્ય ચૂંટણી લડનાર બસપાના બધા ઉમેદવારો, પદાધિકારીઓ તેમજ કાર્યકર્તાઓ વગેરેને અપીલ છે કે તે પૂરી સાવધાની રાખીને પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવે.' ટ્વિટમાં માયાવતીએ લખ્યુ, 'પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તેમજ તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખ મમતા બેનર્જીનુ ચૂંટણી દરમિયાન અચાનક ઘાયલ થવુ અત્યંત દુઃખદ તેમજ દૂર્ભાગ્યપૂર્ણ છે. કુદરત તેમના શીઘ્ર સ્વાસ્થ્ય લાભની કામના. સાથે જ ચૂંટણી પંચ દ્વારા પણ આને ગંભીરતાથઈ લઈને તેની ઉચ્ચ સ્તરીય તપાસ કરાવવી જરૂરી, બસપાની આ માંગ.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે ચાર ગદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.
વિષય : સ્ત્રી . નારી ના નવલાં રૂપ
..સંપર્ક સૂત્રો....
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews

છંદ - ગાલગા ગાલગા લગા ગાગા.
ખફીફ છંદ.
શીર્ષક - થઈ જાને.!
વિશ્વ નારી દિવસ.! ??
તું જ તારી સવાર થઈ જાને.
સૂર્ય એવાં હજાર થઈ જાને.!
ના તું શોષણનો ભોગ બનતી જા,
લે, હવે ધારદાર થઈ જાને.!
કોઈ કાન્હો ન આવશે વ્હારે,
તું જ સામો પ્રહાર થઈ જાને.!
તું છે અબળા એ તું ભૂલી જાજે,
ચંડિકા એક વાર થઈ જાને.!
માન નારી તણું તું રાખી જા,
ડરની તું આરપાર થઈ જાને.!

અંજના ગાંધી "મૌનુ",વડોદરા

NGO સાહિત્ય સરિતા (૧)
NOG SS No:0039
વિશ્વ મહિલા દિવસ નિમિત્તે
પદ્ય - અછાંદાસ
શીર્ષક - ફૂલ અને શૂળ
હું છું નારી ફૂલથી ય સુંવાળી,
મારી ચુભન શૂળથીય ભારી,
સ્નેહથી તરબોળ મનડું મારું,
અલગ મ્હેંકે મહેંકી ઊઠું હું.
ચતુર અને કામે ખંતીલી છું,
નિર્મળ છતાંય છું ડંખીલી હું,
ગભરું પણ રહું સદાય અડગ,
ઘરમાં ભરી દઉં હું મીઠો રવ.
ઠાલા મકાનને ઘર કરી લેતી,
સ્નેહ અને ક્લબલાટથી ભરી દેતી,
ઈશ્વરની સાક્ષીએ જીવન જીવતી,
નારી છું હું નવલી નવેલી.
નથી થવું મારે તારાથી આગળ,
નથી જવું મારે તારાથી દૂર સુદૂર,
રહેવું છે તારે સંગ દરેક પળે,
જીવવું છે તારા પગલાં સાથે પગલું માંડીને.
નથી જોઈતી મારે કોઈ અનામત,
નથી ક્યાંય જોઈતી વિશિષ્ટ જગ્યા,
નર અને નારીની અદ્ભૂત જોડી,
ઈશ્વરે સર્જી છે સંગ સંગ રહેવા.
મારે પણ હોય મારા આચારો વિચારો,
મારે પણ હોય મારી પોતાની મરજી,
જાણી લે સઘળીતું મારા મનની વાતો,
જીવવા દે મને તારે સંગ મારી ખુશીથી.
ઈશ્વરની અદ્ભૂત રચના છું હું,
મન મારુ મોટું દિલ મારું સ્નેહાળ,
જાણી લે તન- મનની કોમળતાને,
ચાહી લે મારી કોમળઅંગ રચનાને.
હું છું અનુપમ તો તું પણ અદ્વિતીય,
શાને વિચારું તારાથી અલગ કશું ય,
આંખોમાં માન અને સ્નેહ જો તારી,
નથી જવું મારે આગળ તારાથી.
નારી છું હું નારી જ બનવું મારે,
પ્રેમ અને શક્તિથી ભરપૂર રહેવું,
ચાહી શકું હું આખી દુનિયાને,
તું પણ ચાહી લે મારા સમગ્ર અસ્તિત્વને.
ચાલીશ હું હાથમાં હાથ રાખી,
સંગાથ રાખીશ ડગલે ને પગલે,
ઝીલી લઈશ તારી સઘળી ઉદાસી,
વેરીશ ખુશીઓ તારા જીવનપથ પર.
સમાવી લઈશ દર્દ તારું મારા દિલમાં,
છુપાવી લઈશ આંસુ,હાસ્ય ફેલાવી,
નહીં ઝૂકવા દઉં કોઈ પણ સમયમાં,
નહીં હારવા દઉં મુશ્કેલ સંજોગોમાં.
નહીં નમું હું કોઈ પણ અન્યાયને,
નહીં સ્વીકારું હું કોઈ જોહુકમીને,
નહીં ડરું હું કોઈની વિકૃતિથી,
અડગ બનીને સ્વને હું જ બચાવીશ.
બની રહીશ મિશાલ નારીશક્તિની હું,
જીવીશ હું મીણ અને પાષાણ બનીને,
ભક્તિ અને નૃત્ય અંગે ભરી દઈશ,
ફરજ અને પ્રીતિથી જીવન ભરી દઈશ.

પ્રફુલ્લા"પ્રસન્ના",અમદાવાદ

NOG SS No: .
શીર્ષક-ગાંધારી
विश्व महिला दिवस।
जब चाहा देवी या फिर बेचारी बता दिया,
कभी कुलटा तो कभी सन्नारी बता दिया
अपने मतलब पूरा करने हेतु पूजा सराहा,
औरत को तुमने चीज सरकारी बता दिया।
खूब फायदा उठाया उनके जज्बात का सबने ,
गुस्से से बिफर पड़ी उसकी खुद्दारी बना दिया ।
महिषासुरमर्दनि की जय हुई जगत मै खूब
मगर ,बिस्तर में मर्द ने रंभा की ही लाचारी बना दिया ।
मौसम के मुताबिक इस्तेमाल हुआ है उसका,
अदालत में पट्टी बाँध करके गांधारी बता दिया । बंजर होने का दोष उस पर मढ़ा गया है जबरन ही ,
या फिर मजबूरन यशोदा कह मातारी बना दिया।

गरवी (ज्योति परमार जी बड़ौदा)

NOG SS N0Ñ 0098
आज अंतरराष्ट्रीय महिला दिवस के अवसर पर महिलाओं को समर्पित रचना।
तू लेना तुम अंबर के तारे,
ऐसा कोई इतिहास रचो।
हो ईश्वर की अनुपम रचना,
ऐसा तुम विश्वास रखो।
बाधाओं को खंडित कर दो,
ऐसा तुम हुंकार भरो।
अवनि, मोहिनी बनकर,
शत्रुओं का संहार करो।
हे भारत की विरांगना,
फिर से कोई इतिहास रचो।
अंतरराष्ट्रीय महिला दिवस की हार्दिक शुभकामनाएं।

लीना शर्मा

ગાંધીનગરમાં આફ્રિકાના કોરોના સ્ટ્રેઈનનો શંકાસ્પદ કેસ આવતા હડકંપ

ગાંધીનગર,તા.૧૩

રાજયમાં દિવાળી બાદ કોરોના સંક્રમણમાં સતત વધારો થયો હતો. જો કે થોડા સમય બાદ કોરોનાનાં કેસો ઘટવા લાગ્યા હતા. પણ ચૂંટણીના મેળાવડાને કારણે રાજયમાં ફરીથી કોરોના બેકાબૂ બન્યો છે. અને તેવામાં ગાંધીનગરથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ગાંધીનગરમાં આફ્રિકાના નવા સ્ટ્રેઈનનો શંકાસ્પદ કેસ સામે આવતાં આરોગ્ય તંત્રમાં દોડધામ મચી છે.

ગાંધીનગરમાં પણ આફ્રિકાના નવા સ્ટ્રેઈનની એન્ટ્રી થઈ ગઈ હોવીની આશંકાઓ સેવાઈ રહી છે. આફ્રિકાથી પરત આવેલાં વ્યક્તિમાં નવા સ્ટ્રેઈનના લક્ષણો દેખાયા હતા. મૂળ કલોલનો વ્યક્તિ આફ્રિકાથી પરત આવ્યો હતો. તેનામાં નવા સ્ટ્રેઈન હોવાની આશંકાએ આરોગ્ય તંત્ર દોડતું થયું હતું. અને વ્યક્તિના સેમ્પલ ટેસ્ટિંગ માટે પુણેની લેબોરેટરીમાં મોકલાયા હતા.

આ ઉપરાંત અસારવા સિવિલ હોસ્પિટલના આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટ ડો. રાકેશ જોશીએ કહ્યું છે કે બધા લોકોએ ખાસ ધ્યાન રાખવું જોઈએ. હજુ પણ ગંભીર પરિસ્થિતિ સર્જાઈ શકે છે. લોકોએ ફરજીયાત સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કનું પાલન કરવું જ પડશે. દરેક મેળાવડામાં ના જવું જોઈએ અને મેળાવડા ટાળવા જોઈએ. દરેક લોકોએ પોતાનું અને આસપાસનાં લોકોનું ધ્યાન રાખવું જોઈએ. ત્રીજી લહેર આવી શકે છે અને સાવચેતીનાં પગલાં લઈશું તો નહીં આવે ત્રીજી લહેર તેવું પણ ડો. રાકેશ જોશીએ જણાવ્યું હતું.

સૂરતમાં ફૂટ્યો કોરોના બોમ્બ, શાળાએ જતાં ૮૦થી વધુ વિદ્યાર્થી કોરોના સંક્રમિત

સુરત,તા.૧૩

સુરતમાં કોરોના વાયરસનો ફરી કેર જોવા મળી રહ્યો છે. રાજય સરકાર દ્વારા કોરોના મહામારી પછી સ્કૂલમાં કેટલાક વર્ગ ચાલુ કરવામાં આવ્યા છે, જોકે, રાજય સરકારની આ ભૂલ ભારે પડી રહી હોય તેમ લાગી રહ્યુ છે. સુરતમાં સ્કૂલમાં ફરી કોરોના સંક્રમણ ફેલાઇ રહ્યુ છે. સુરતમાં ૬ વિદ્યાર્થી અને ૨ શિક્ષકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સુરતમાં અત્યાર સુધી ૨૫ શાળામાં ૮૨ વિદ્યાર્થી કોરોના સંક્રમિત થયા હોવાનું જણાઇ રહ્યુ છે.

સુરતમાં વરાઝા ઝોન-બી, રાંદેર ઝોન અને અઠવા ઝોનની શાળાના એક-એક વિદ્યાર્થીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. લિંબાયત ઝઓનમાં આવેલ શાળાના ૩ વિદ્યાર્થીઓ પણ કોરોના પોઝિટિવ થયા છે. અઠવા ઝોનની શાળાના ૨ શિક્ષકો પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. સ્કૂલોમાં કોરોના આવતા શિક્ષકો અને વિદ્યાર્થીઓને હોમ આઇસોલેશ કરવામાં આવ્યા છે. સ્કૂલમાં કોરોના સંક્રમણ વધતા તંત્ર પણ એલર્ટ થઇ ગયુ છે અને સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ગખંડને બંધ કરાવવામાં આવ્યા છે.

સુરતમાં કોરોનાના કેસમાં સતત વધારો થતા તંત્ર દ્વારા સ્કૂલોને ફરી બંધ કરવામાં આવે તેવી શક્યતા છે. સુરતમાં કોરોના મહામારીના કેસ વધી રહ્યા છે. રાજયમાં છેલ્લા કેટલાક દિવસથી સુરતમાં કોરોનાના કેસમાં વધારો થયો છે.

બુટલેગરો સક્રીય
મોડાસા રૂરલ પોલીસે રિક્ષામાંથી ૨૪ બોટલ અને રાહદારી પાસેથી ૯૬ બોટલ દારૂ ઝડપ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

હોળી-ધુળેટીના પર્વમાં વિદેશી દારૂની ખપત વધુ રહેતી હોવાથી તહેવારોમાં દારૂની રેલમછેલ કરવા બુટલેગરો નિતનવા નુસ્ખા અપનાવી વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ બન્યા છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર સઘન ચેકીંગ અને રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલીંગ કરી બુટલેગરોમાં કીમિયા પર પાણી ફેરવી રહી છે

ભિલોડા પોલીસે ઈકો કારના ગુપ્ત ખાનામાંથી ૨૯ હજાર થી વધુનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો મોડાસા રૂરલ પોલીસે ટીંટોઈ નજીકથી રીક્ષામાં ૨૪ બોટલ વિદેશી દારૂ ભરી પસાર થતા બુટલેગરને દબોચી લીધો હતો તેમજ રાજેન્દ્ર નગર ચોકડી નજીક ઉભેલા રાહદારીના થેલામાંથી ૯૬ બોટલ દારૂ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી જીલ્લામાં સતત ત્રીજા દિવસે બુટલેગરો પર પોલીસ પકડ જોવા મળી હતી . ભિલોડા પીઆઈ મનીષ વસાવા અને તેમની

ટીમે ટાકાટુકા ગામ નજીક સીલાદ્રી ગામ તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતા ઈકો કારમાં દારૂ ભરી આવતા શખ્સો પોલીસ નાકાબંધી જોઈ ઈકો કાર પાછી વાળી નાસવા જતા ઈકો કાર પાછી વાળવામાં બુટલેગરો થાપ ખાઈ જતા પોલીસ પકડ થી બચવા કાર રોડ પર મૂકી નજીક જંગલમાં નાસી છૂટતા ભિલોડા પોલીસે ઈકો કારની તલાસી લેતા ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂની બોટલ-ક્વાટર નંગ-૧૪૪ કીં.રૂ.૨૯૨૩૨/- તેમજ કારની કીં.રૂ.૩ લાખ મળી કુલ રૂ.૩૨૯૨૩૨/-નો મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા બુટલેગરો સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા રૂરલ પીએસઆઈ પી.ડી.રાઠોડ અને તેમની ટીમે ટીંટોઈ નજીક નાકાબંધી કરી બાતમીના આધારે રીક્ષામાંથી પાછળ સીટ નીચે સંતાડેલ વિદેશી દારૂની ૨૪ બોટલ કીં.રૂ.૧૬૨૦૦ /- નો જથ્થો જપ્ત કરી અણસોલના બુટલેગર જયંતી શંકર ભણાત ને દબોચી લઈ રીક્ષા, મોબાઈલ,વિદેશી દારૂ મળી કુલ.રૂ.૫૭૭૦૦/- મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી તેમજ રાજેન્દ્ર નગર ચોકડી નજીક બેગમાં વિદેશી દારૂ ભરી ડીલેવરી આપવા નીકળેલ રાજસ્થાન મુંડારાના લલીત શંકરલાલજી માલવીયાને દબોચી લઈ થેલામાંથી ૯૬ બોટલ કીં.રૂ.૧૪૪૦૦ /- નો વિદેશી દારૂ ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

વડાપ્રધાન મોદી ગાંધીનગર ખાતે રેલ્વે સ્ટેશન-હોટલનું લોકાર્પણ કરશે

ગાંધીનગર,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એપ્રિલ મહિનામાં ફરીવાર ગુજરાતની મુલાકાતે આવે તેવી શક્યતા છે. વડાપ્રધાન આ દરમિયાન ગાંધીનગર સ્થિત આધુનિક રેલવે સ્ટેશન અને ફાઈવ સ્ટાર હોટલનું લોકાર્પણ કરી શકે છે. આ સાથે જ વડાપ્રધાન આવે તે સ્થિતિમાં અન્ય કાર્યક્રમો પણ જોડે ગોઠવવા માટે આયોજન કરાઈ રહ્યું છે. માર્ચ મહિનામાં જ વડાપ્રધાન બે વખત ગુજરાતની મુલાકાતે આવી ચૂક્યા છે.

ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનને ઈન્ડિયન રેલવે સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન ડેવલપ કરી રહ્યું છે. દેશમાં પહેલીવાર કોઈપણ રેલવે સ્ટેશન પર પ્રાર્થના રૂમ અલગથી તૈયાર કરાયો છે, જયાં ટ્રેનની રાહ જોતા પેસેન્જરો ભગવાનની પ્રાર્થના-બંદગી કરી શકશે. ફાઈવસ્ટાર હોટલ બિલ્ડિંગની નીચે સ્ટેશન માટે નવું બિલ્ડિંગ તૈયાર કરાયું છે. આ બિલ્ડિંગમાં જ નીચેના મુખ્ય પ્રવેશદ્વારથી પ્લેટફોર્મ પર જવા માટેની એન્ટ્રી છે. તમામ પેસેન્જરોએ ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટરમાંથી પસાર થવું પડશે.

ઉનાળાના પ્રારંભે જ લીંબુના ભાવ આસમાનેઃ કિલોના ૧૦૦ રૂ. થયા

અમદાવાદ,તા.૧૩

રોજ બરોજ મોંઘવારી વધી રહી છે. જીવન જરૂરિયાતની તમામ ચીજ વસ્તુઓના ભાવ વધી રહ્યા છે . હવે તો ઉનાળાની શરૂ થતાં જ શાકભાજીના ભાવ કૂદકેને ભૂસકે વધી રહ્યા છે. ઉનાળામાં લીંબુની માંગ વધતા એક સપ્તાહમાં ભાવ આસમાને પહોંચ્યા છે. એક સપ્તાહ પહેલા લિબુના ભાવ હોલસેલમાં ૨૦ કિલોના ૧૦૦૦ હજાર રૂપિયા હતા.જે વધીને હોલસેલમાં ૧૩૦૦ રૂપિયા થયા છે. એટલે કે હોલસેલ કરતા રિટેલમાં ભાવ વધારે હોય છે. રિટેલમાં એક કિલો લીંબુનો ભાવ ૧૦૦ રૂપિયા થયો છે.અને જેમ જેમ ઉનાળાની સિઝન આગળ વધશે તેમ ભાવવ ધવાની પણ શકયતા છે.

કોરોના ફેલાશે તો જવાબદારી ભગવાન શિવની રહેશેઃ યોગેશ પટેલ

વડોદરા,તા.૧૩

વડોદરામાં શિવરાત્રીના દિવસે આઠ વર્ષથી નિકળતી શિવજી કી સવારી આ વર્ષે પણ ધૂમ ધામથી કાઢવામાં આવી હતી. રાજ્યના મુખ્યમંત્રી, ડે.મુખ્યમંત્રી, ગૃહમંત્રી, વિધાનસભાના અધ્યક્ષ અને ભાજપ પ્રદેશ પ્રમુખની હાજરીમાં રાજ્ય મંત્રી અને કાર્યક્રમના મુખ્ય આયોજક યોગેશ પટેલે શિવજી કી સવારી નામના આ કાર્યક્રમમાં પોતાની શક્તિનું પ્રદર્શન કરવા દોઢ લાખ જેટલા ભક્તો ભેગા કર્યા હતા. આવા સંજોગોમાં શહેરમાં કોરોના વકરે તો જવાબદારી કોની તેવો પ્રશ્ન ઊભો થયો છે. જોકે, રાજ્યમંત્રી અને કાર્યક્રમના મુખ્ય આયોજક યોગેશ પટેલ દ્વારા શુક્રવારે કોરોનાની રસી લીધા બાદ શહેરમાં કોરોના વકરે તો તેના માટે શિવજી જવાબદાર એ પ્રકારનું બેજવાબદારીભર્યુ, સાવ વાહિયાત નિવેદન કરતાં ભારે રોષ ફેલાયોછે, બફાટ કરનારા મંત્રી સામે ચોમેરથી ફિટકાર વરસી રહ્યો છે.

ફોટો ગેલેરી

મોડાસા : બસ સ્ટેન્ડ પાછળ દર્દીઓ લઈ આવતા
રાજસ્થાની મુસાફર ચાલકોની લુખ્ખી દાદાગીરી સામે સ્થાનિકો અને પોલીસતંત્ર લાચાર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ટ્રાફિક સમસ્યા નગરજનો માટે માથાના દુખાવા સમાન બની છે મોડાસા શહેરના બસ સ્ટેન્ડ પાછળ મોટા પ્રમાણમાં ખાનગી હોસ્પિટલો આવેલી હોવાથી જીલ્લા સહીત રાજસ્થાનથી મોટા પ્રમાણમાં દર્દીઓ સારવાર લેવા પેસેન્જર વાહનો અને ખાનગી વાહનો મારફતે પહોંચતા હોય છે અને આડેધડ પાર્કીંગ કરતા હોવાથી સ્થાનિક લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે રોડ પર મનફાવે તેમ વાહનો ઉભા રાખી દેતા હોવાથી છાસવારે ટ્રાફિકજામની સમસ્યા સર્જાય છે રાજસ્થાનના ખાનગી વાહનચાલકો રોડ પર જીપો ઉભી રાખી બિન્દાસ્ત

પેસેન્જર ભરતા-ઉતારતા હોવાથી સ્થાનિક વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે રોડ પર જીપ ઉભી રાખી મુસાફરો ભરતા રાજસ્થાની જીપ ચાલકને સ્થાનીક વાહનચાલકે જીપ સાઈડમાં મુકવા કહેતા રાજસ્થાની ડ્રાઇવર ઉશ્કેરાઈ જઈ સ્થાનિક વાહન ચાલક સાથે ધક્કામુક્કી કરતા અન્ય રાજસ્થાની ડ્રાઇવર અને તેના મળતિયા દોડી આવ્યા હતા અને સ્થાનીક વાહનચાલક સાથે ઝગડો કરતા ઘર્ષણની સ્થિતી પેદા તથા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા તંગદીલી ભર્યાં વાતાવરણનું નિર્માણ થવા છતાં ૧૦૦ મીટર દૂર રહેલી લિઓ પોલીસ ચોકીમાં ફરજ બજાવતા પોલીસ કર્મી કે ટીઆરબી જવાન મામલો થાળે પાડવાની તસ્દી પણ લેવાનું ચુક્યા હતા

મૃતક તલાટીના ભાઈએ પણ થોડા વર્ષ અગાઉ આત્મહત્યા કરી હતી
અરવલ્લીઃ પટેલ ઢુંઢાના યુવાન તલાટીની જંગલમાં ઝાડ સાથે લટકતી લાશ મળી

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં સતત લટકતી હાલતમાં લાશ મળી આવવાનો સીલસીલો યથાવત રહ્યો છે માલપુર તાલુકાના રંભોડા ગામના અને મેઘરજ તાલુકાના પટેલ ઢૂંઢા ગામે તલાટી તરીકે ફરજ બજાવતા મહેન્દ્ર કાનાભાઇ પરમાર નામના યુવાન તલાટીની લાશ ગામ નજીક જંગલમાંથી ઝાડ સાથે લટકતી હાલતમાં લાશ મળી આવતા ભારે ચકચાર મચી હતી મૃતક યુવાન તલાટીએ આત્મહત્યા કરી લીધી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે મૃતક તલાટીના ભાઈએ પણ થોડા વર્ષ અગાઉ આત્મહત્યા કરી લીધી હોવાનું અને બંને બંને ભાઈ એક જ પરિવારની બે બહેનો સાથે લગ્નગ્રંથીથી જોડાયા હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી યુવાન તલાટીની રંભોડા ગામ નજીક જંગલમાં લટકતી હાલતમાં લાશ મળી આવતા માલપુર પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી યુવાન તલાટીની આત્મહત્યા થી પરિવારજનો હચમચી ઉઠ્યા હતા એક જ વર્ષમાં પરિવારે બે યુવાન છોકરા ગુમાવતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે

જીંદગી અણમોલ છે જીવનમાં સુખ અને દુખ આવ્યા કરે છે. કેટલાક તબક્કામાં ભારે મુશ્કેલીઓનો સામનો પણ કરવાનો વખત આવતો હોય છે. પરંતુ દરેક સમસ્યાનું સમાધાન પણ ચોક્કસ હોય જ છે. જો કે હાલના તબક્કે લોકોની સહનશક્તિ પણ ઘટવા લાગી છે. પરિણામે સામાન્ય વાતમાં પણ નાસીપાસ થઈ આત્મહત્યા જેવું અંતિમ પગલું ભરી લેતાં લોકો વિચારતા નથી. છેલ્લા કેટલાક સમયથી આત્મહત્યાઓનું પ્રમાણ વધતાં બનાવોને લઈને લોકમાનસ પર ચિંતાના વાદળો ઘેરાયા છે જિલ્લામાં આત્મહત્યાઓનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે તે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે જીલ્લામાં સતત લટકતા મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી છે

માલપુર તાલુકાના રંભોડા ગામના અને મેઘરજના પટેલ ઢૂંઢા ગ્રામ પંચાયતમાં તલાટી તરીકે ફરજ બજાવતા ૨૯ વર્ષીય મહેન્દ્રભાઈ કાનાભાઇ પરમારની શનિવારે ગામ નજીક આવેલા જંગલમાં ઝાડ સાથે ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ લટકતી જોવા મળતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા મૃતક યુવકના પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી મૃતક યુવાન તલાટીની હત્યા કે આત્મહત્યા અંગે અનેક સવાલો પેદા થયા છે સ્થાનિકોએ માલપુર પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અત્રે ઉલ્લેખનીય છે કે મૃતક તલાટી યુવક મહેન્દ્ર પરમાર અને તેમના ભાઈ બંને એકજ પરિવારની બે બહેનો સાથે પરણ્યા હતા. આજથી એક વર્ષ અગાઉ તેમના ભાઈએ પણ આજ રીતે આત્મહત્યા કરી લીધી હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી લોકમુખે ચર્ચાતી ચર્ચા મુજબ મૃતક તલાટી અગમ્ય કારણોસર વ્યથીત રહેતા હતા અને માનશીક બીમારીનું ગ્રહણ લાગતા તબીબી સારવાર પણ ચાલુ હતી અને મૃતક તલાટીની માનશીક સ્થિતી સારી ન હોવાથી તેમની સાથે સતત એક વ્યક્તી સાથે રહેતી હતી

"આઝાદીકા અમૃત મહોત્સવ" ઉજવણીના પ્રારંભની સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સમગ્ર ભારત દેશ પોતાનું નવું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે - પૂર્ણેશભાઇ મોદી

રાજપીપલામાં સરદાર ટાઉન હોલ ખાતે "આઝાદીકા અમૃત મહોત્સવ" કાર્યક્રમ યોજાયો

રાજપીપલા,તા ૧૩

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના અવસરે "આઝાદીકા અમૃત મહોત્સવ" ની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના આજે તા.૧૨ મી માર્ચ, ૨૦૨૧ ના રોજ અમદાવાદના સાબરમતી આશ્રમથી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરાયેલાં પ્રારંભની સાથોસાથ ગુજરાતમાં હાથ ધરાયેલી રાજ્યવ્યાપી ઉજવણીના ભાગરૂપે આજે નર્મદા જિલ્લામાં રાજપીપલા મુખ્યમથકે સરદાર ટાઉન હોલ ખાતે સુરતના ધારાસભ્ય પૂર્ણેશભાઇ મોદી અને ડભોઇના ધારાસભ્ય શૈલેષભાઇ મહેતા, કથાકાર વિરંચીપ્રસાદ શાસ્ત્રીજી, સહિતના પદાધિકારીઓ/ અધિકારીશઓ, વિવિધ સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો સહિત શહેર અને જિલ્લાવાસીઓની ઉપસ્થિતિમાં દિપ પ્રાગ્ટય દ્વારા ખૂલ્લો મુકાયો હતો. આ પ્રસંગે મહાનુભાવોએ રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીબાપુની તસ્વીરને સુતરની આંટી પહેરાવી સુતરાંજલિ અર્પી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા સાબરમતી આશ્રમ ખાતેના કાર્યક્રમનું વર્ચ્યુઅલ પ્રસારણ ઉપસ્થિત મહાનુભાવો સહિત સહુ કોઇએ નિહાળ્યું હતું.

સુરતના ધારાસભ્ય પૂર્ણેશભાઇ મોદીએ તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, "આઝાદીકા અમૃત મહોત્સવ" ઉજવણીના પ્રારંભની સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સમગ્ર ભારત પોતાનું નવું સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણની આહૂતિ આપનાર રાષ્ટ્રપુરૂષો અને વીર શહીદોની ગૌરવગાથાની સ્મૃતિ તાજી કરતાં ઉમેર્યું હતું કે, તેઓએ ભોગવેલી અનેક યાતનાઓ બાદ આપણને મહામૂલી આઝાદી મળી છે. આ તકે તેઓશ્રીએ સૌને ભાવાંજલિ અર્પવાની સાથે નતમસ્તકે વંદન કર્યું હતું. મંગલપાંડે, તાત્યાટોપે, કવિ નર્મદ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, શ્યામજી કૃષ્ણ વર્મા, ચાફેકર બંધુઓ સહિત નામી-અનામિ અનેક ક્રાંતિવીરોએ તેમના બલિદાનો આપ્યાં છે. આઝાદી પછી ૭૫ વર્ષ પૂર્ણ થાય છે, તે નિમિત્તે આ અમૃત મહોત્સવના માધ્યમથી ભારતનો ભવ્યકાળ ખંડ આઝાદીનો ૧૮૫૭ થી ૧૯૪૭ સુધીના ૯૦ વર્ષમાં અનેક વિર ક્રાંતિકારીઓએ આ દેશ માટે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. તેનો ઇતિહાસ દરેક આવનારી

નવી પેઢી સુધી પહોંચે, ત્યારબાદ આઝાદીના ૭૫ વર્ષનો અનોખો ઇતિહાસ અનેક લોકોએ આ દેશના વિકાસ માટે કામ કર્યું છે. અને તેની સાથોસાથ આજે સાંપ્રત પરિસ્થિતિમાં આપણે કુલ-૭૫ વર્ષ આઝાદી પછી ક્યાં પહોંચ્યાં છીએ અને ૧૯૪૭ ના શતાબ્દી એટલે કે ૨૦૪૭ ના વર્ષે એટલે કે હવે ૨૫ વર્ષ પછી હિન્દુસ્તાન વિશ્વગુરૂ બને તેનો જે પાયો આજે નાંખ્યો છે, તેનો મેસેજ જનજન સુધી પહોંચે, વિદ્યાર્થીઓ સુધી પહોંચે પ્રત્યેક બાળક સુધી પહોંચે અને અનેકવીર ક્રાંતિકારીઓના જીવનમાંથી પ્રેરણા લઇ ભારત માટે કેવી રીતે જીવવું અને ભારત માટે કેવી રીતે બલિદાન આપવું તેવા પ્રકારની એક વિચારધારા- દિશા અને તે પ્રકારનું ઝનૂન- પ્રબળ ભાવના દરેક વિદ્યાર્થીઓના મનમાં ઉદભવશે તેવો દ્ધઢ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. ડભોઇના ધારાસભ્યશ્રી શૈલેષભાઇ મહેતાએ જણાવ્યું હતું કે, આજથી ૯૧ વર્ષ પહેલાં રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીએ દાંડીયાત્રા શરૂ કરીને તા. ૫ મી એપ્રિલ, ૧૯૩૦ ના રોજ દાંડી પહોચ્યાં હતા અને તા. ૬ ઠ્ઠી એપ્રિલે દાંડી ખાતે ચપટી મીઠુ ઉપાડીને સત્યાગ્રહ કરીને આઝાદીની લડતનો પ્રારંભ કર્યો હતો. ગાંધીબાપુએ તે વખતે દાંડીયાત્રાના માર્ગમાં ૧૦૦ વર્ષના માજીને કહ્યું હતુ કે, "કાગડા-કુતરાના મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પાછો નહી ફરૂં તેની સ્મૃતિ પણ તેમણે તાજી કરી હતી.

શ્રી શૈલેષભાઇ મહેતાએ વધુમાં કહ્યું હતું કે, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભીલ-આદિવાસી સમાજનું યોગદાન પણ મહત્વનું રહ્યું છે. આઝાદી બાદ જે રીતે આપણો દેશ વિકાસના પંથે આગળ ધપી રહ્યો છે અને વિશ્વના દેશો ભારત સાથે સંબંધો રાખવા ઉત્સુક છે ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વ હેઠળ આગામી વર્ષોમાં ભારત વિશ્વ ગુરૂ બનશે તેમ જણાવી હાલની કોવિડ-૧૯ ની વૈશ્વિક મહામારીમાં કોરોના વિરોધી રસીનો જથ્થો આપણે પાડોશી દેશો સહિત વિશ્વના અન્ય દેશોને પણ પુરો પાડી રહ્યાં છે, જે માટે આપણે સૌ ગૌરવ લઇ શકીએ તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હોવાની સાથે પ્રત્યેક ભારતવાસી માટે આ બાબત ગૌરવવંતી હોવાનું તેમણે ઉમેર્યું હતું. આજના પ્રસંગે વડાપ્રધાનશ્રીએ આપેલા સંદેશ મુજબ દરેક સ્કૂલ-કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા પણ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવીને આઝાદી વખતના બલિદાનોની પ્રેરક ગાથા તેમના સુધી પહોંચે અને આગામી વર્ષોમાં આપણે શતાબ્દિ વર્ષની ઉજવણી તરફ જઇ રહ્યાં છીએ અને વિશ્વગુરૂ બનવાની દિશામાં પણ જ્યારે દેશ આગેકૂચ કરી રહ્યો છે, ત્યારે આ દેશનો યુવાવર્ગ પોતાનું યોગદાન આપે તેવા પ્રધાનમંત્રીશ્રીએ આપેલા સ્પષ્ટ નિર્દેશ-મેસેજને પણ શ્રી મહેતાએ દોહરાવ્યો હતો.

આ પ્રસંગે સાગબારાના બી.આર.સી શ્રી નાનસિંગભાઇ વસાવાએ " બ્રિટીશ રૂલ્સ સામે ભીલ – આદિવાસી સમાજના પડકારો" વિષયક વકતવ્યમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી સમાજના વિશેષ યોગદાનની ગાથા રજૂ કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં પૂ. ગાંધીબાપુનું પ્રિય ભજન " વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે " રજૂ થયું હતું. કાર્યક્રમમાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ, પૂ. ગાંધીબાપુના જીવન કવનને વણી લેતી નાટ્યકૃતિ તેમજ તેરી મીટ્ટિ મે મિલ જાવા દેશભક્તિ ગીતની કૃતિ રજૂઆત થકી કાર્યક્રમ સ્થળે દેશદાઝ અને રાષ્ટ્ર ભક્તિનો અનોખો માહોલ સર્જાયો હતો.

તસવીરઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

દેડીયાપાડાના કરતલ ગામમાં પાસે ટાટા મેજીક ગાડીએ રાહદારીને અડફેટમાં લેતા રાહદારીનું ઘટના સ્થળ ઉપર જ મોત નીપજ્યું.

રાજપીપળા, તા. ૧૩

દેડીયાપાડાના કરતલ ગામ પાસે ટાટા મેજીક ગાડી એ રાહદારીને અડફેટમાં લેતા રાહદારીનું ઘટના સ્થળ ઉપર જ કરૂણ મોત નિપજ્યું હતું.

બનાવની વિગત મુજબ ટાટા મેજીક નં. જીજે ૨૨ યુ૦૧૮૯ ના ચાલકે પોતાના કબજા માની ટાટા મેજીક પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી કરતલ ગામની આગળ ઢાળ છતાં અચાનક ગાડી ને આંચકો વાગતા ફરિયાદી પુનિયા ભાઈ પિતા દેવલીયાભાઈ દમણિયાભાઈ વસાવાને માથા ની જમણી સાઈડ તથા માથાના ઉપરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. આ અંગે દેડીયાપાડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

નર્મદા જિલ્લામાં લઘુત્તમ ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ઘઉંની સીધી ખરીદી કરાશે

રાજપીપલા,તા.૧૩

રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે રવિ માર્કેટીગ સીઝન વર્ષ-૨૦૨૧-૨૧ અંતર્ગત ઘઉની ખરીદી આગામી તા.૧૬/૦૩/૨૦૨૧ થી તા.૩૧/૦૫/૨૦૨૧ દરમિયાન ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ૨૩૫ જેટલાં ગોડાઉન કેન્દ્રો ખાતે કરવામાં આવનાર છે. ભારત સરકાર દ્વારા લઘુતમ ટેકાનો ભાવ ઘઉં માટે રૂા. ૧૯૭૫ પ્રતિ ક્વિન્ટલ નિયત કરવામાં આવ્યાં છે. લઘુતમ ટેકાના ભાવે ઘઉં વેચાણ કરવા ઇચ્છતા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સબંધિત ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન કેન્દ્રો ખાતે તથા ગ્રામ્ય વી.સી .ઈ મારફતે તા.૦૮/ ૦૩/ ૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી ચાલુ રહેશે. તે મુજબની નોંધણી કરાવવા માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ના નાયબ જિલ્લા મેનેજર, નર્મદા તરફથી એક અખબારી યાદીમાં જણાવાયું છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

અમિ શિવરામને મુંબઈના ફાઉન્ડેશન પીપલ તરફથી ભારતના પ્રખ્યાત ટેરોટ રીડર ૨૦૨૧ નો એવોર્ડ એનાયત

રાજપીપળા,તા. ૧૩

રાજપીપળાના સંગીતકાર શિવરામ પરમારના ધર્મપત્ની અમી શિવરામને મુંબઈના ફાઉન્ડેશન પીપલ તરફથી ભારતના પ્રખ્યાત ટેરોટ રીડર ૨૦૨૧ નો એવોર્ડ આપવામાં આવ્યો છે.અમી શિવરામ છેલ્લા દસ વર્ષથી આ ફિલ્ડમાં પૂર્ણ પણે કાર્યરત છે.અને દુનિયાના ૧૪ થી વધારે દેશોમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે.આ સેવા દ્વારા તેઓ લોકોની અનેક સમસ્યાઓનું નિરાકરણ કરીને તેઓને એક ખુશહાલ જીવન તરફ વળી રહ્યા છે.

ટેરોટ રીડિંગ સાથે સાથે તેઓ વાસ્તુશાસ્ત્ર, ન્યુમોરોલોજી એટલે કે આંકડાશાસ્ત્ર હીલિંગ તથા કાઉન્સિલિંગ ની પણ સેવા ઓ આપી રહ્યા છે.ગત વર્ષે ભારતની એસ્ટ્રોવર્ડ સંસ્થા તરફથી ભારતના ઉચ્ચ અને પ્રખ્યાત ૧૦ ટેરોટ રીડરમાં તેમને ત્રીજા નંબરે સ્થાન આપવામાં આવ્યું હતું. આ એવોર્ડ એનાયત થતાં રાજપીપળા વાસીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

સાંપ્રત સમયથી વિદ્યાર્થીઓ અવગત થાય અને સમસ્યાઓનું નિરાકરણ કાઢવા સમર્થ થાય તે હેતુથી દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા (અંગ્રેજી માધ્યમ) પાલડી ખાતે વક્તૃત્વ સ્પર્ધા નું આયોજન થયું. તેમાં સોસિયલ મીડિયાની અસરો, કોવિદ ૧૯ નું નિરાકરણ, તણાવથી મુક્તિ, શિક્ષણ માતૃભાષા કે અંગ્રેજી જેવા વિષયો પર લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ સાથે ઓન લાઈન - ઓફ લાઈન શબ્દ વિન્યાસ થયો.

મંદિરો પરના પ્રહારોના વિરોધમાં ૧૪ માર્ચના દિવસે 'મંદિર સંસ્કૃતિ રક્ષણ રાષ્ટ્રીય અધિવેશન

હિંદુઓનાં મંદિરોનું સરકારીકરણ, મંદિરોની સંપત્તિની લૂંટ, મંદિર તેમજ મૂર્તિઓની તોડફોડ, મૂર્તિઓની ચોરી કરવી, દેવસ્થાન તીર્થક્ષેત્ર વિસ્તારમાં અન્ય પંથીઓ દ્વારા થનારો ધર્મપ્રચાર ઇત્યાદિ અનેક રીતે મંદિરો પર પ્રહાર થઈ રહ્યા છે. આના વિરોધમાં સમગ્ર દેશમાંના સમસ?ત મંદિર વિશ્વસ્તો અને ધાર્મિક સંસ?થાઓને સંગઠિત કરીને મંદિર સંસ?કૃતિનું રક્ષણ કરવું આવશ્યક છે. તે માટે 'મંદિર અને ધાર્મિક સંસ્થા મહાસંઘ' અને 'હિંદુ જનજાગૃતિ સમિતિ' વતી ૧૪ માર્ચ ૨૦૨૧ની બપોરે ૪.૩૦ થી સાંજે ૭ કલાક સુધી ઑનલાઈન 'મંદિર સંસ્કૃતિ રક્ષા રાષ?ટ્રીય અધિવેશન ૨૦૨૧' લેવામાં આવવાનું છે. તેમાં વધારેમાં વધારે મંદિર વિશ?વસ?તોએ સહભાગી થવું, એવું આવાહન 'મંદિર અને ધાર્મિક સંસ?થા મહાસંઘ'ના પ્રવક્તા શ્રી. સુનીલ ઘનવટે કર્યું છે. સદર રાષ્ટ્રીય અધિવેશનમાં મંદિરો પર કેવી રીતે પ્રહારો થઈ રહ્યા છે, પ્રહારોના વિરોધમાં સફળ લડાઈ લડનારાં સંગઠનો તેમજ ધારાશાસ?ત્રીઓનું માર્ગદર્શન, તેમજ મંદિર સંસ્કૃતિનું રક્ષણ કરવા માટે ઠરાવ પસાર કરીને આગળની દિશા નક્કી કરવામાં આવશે. તેમાં પાકિસ્તાન ખાતેનાં મંદિરોની સ?થિતિ સિંધી સમાજના પૂ. સંતોષ મહારાજજી, કાશ્મીર સ્થિત મંદિરો વિશે જમ્મુ ખાતેના ધારાશાસ?ત્રી અંકુર શર્મા, કર્ણાટકનાં મંદિરો વિશે શ્રીરામ સેનાના અધ?યક્ષ શ્રી. પ્રમોદ મુતાલિક, મહારાષ્ટ્રમાંનાં મંદિરો વિશે હિંદુ વિધિજ્ઞ પરિષદના વીરેંદ્ર ઇચલકરંજીકર, તેમજ ઓડિસા રાજ?યમાં થનારી મૂર્તિઓની ચોરી, આંધ્રપ્રદેશમાંની મૂર્તિઓની તોડફોડ, કેરળ સ?થિત મંદિરોની પવિત્રતાનું રક્ષણ, તેમજ અન?ય પ્રહારો વિશે વિવિધ વક્તાઓ સંબોધન કરવાના છે.આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ યુ-ટ્યૂબના **Youtube.com/ HinduJagruti** આ ચૅનલ દ્વારા, તેમજ ફેસબુકના **Facebook.com/ HinduAdhiveshan** અને ટ્વીટરના **Twitter.com/ HinduJagrutiOrg** આ માધ?યમો દ્વારા બપોરે ૪.૩૦ કલાકે કરવામાં આવશે. સમગ્ર દેશમાંના સર્વ મંદિરોના વિશ્વસ્તો, પુરોહિતો-પુજારી, તેમજ મંદિરો બાબતે લડાઈ લડનારા ધારાશાસ?ત્રીઓએ સદર અધિવેશનમાં અગત?યતાપૂર્વક સહભાગી થવું, તેમજ તેમણે ૭૦૨૦૩ ૮૩૨૬૪ આ ક્રમાંક પર સંપર્ક કરવો, એવું આવાહન શ્રી. ઘનવટે કર્યું છે.

દેડીયાપાડા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા સેફ્ટી અને નીભાવાણીના પુરતા સાધનો વગર ગટરનું કામ કરવાથી સર્જાયેલી દુર્ઘટનાનો કરુણ અંજામ

રાજપીપળા,તા.૧૩

દેડિયાપાડા ખાતે રાત્રીના અંધારામાં ભૂગર્ભ ગટર ગટરની કુંડી ની સાફ સફાઈ કરવા ઉતરેલા કામદાર સહિત બચાવવા કુંડીમાં ઉતરેલા કામદાર સહિત બચાવવા કુંડી માં ઉતરેલા કુલ ત્રણ જણાને ઝેરી ગેસથી અસરથી ગૂંગળાઈ જવાથી ત્રણના મોત, એકને ગંભીર ઈજા થવા પામી હતી.દેડીયાપાડા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા સેફ્ટી અને નીભાવાણીના પુરતા સાધનો વગર ગટરનું કામ કરવાથી સર્જાયેલી દુર્ઘટના નો કરુણ અંજામ આવતા મોત માટે જવાબદાર સરપંચ સામે પોલીસ ફરિયાદ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે દેડીયાપાડા પોલીસ મથકે ફરિયાદી ચંપાબેન રોહિતકુમાર દાદુભાઇ વસાવા (રહે, નવીનગરી, દેડીયાપાડા) એ આરોપી રાકેશભાઈ રયજીભાઇ વસાવા (રહે,દેડીયાપાડા) સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ આરોપી રાકેશભાઈ દેડીયાપાડા ગ્રામ પંચાયતના સરપંચ દેડીયાપાડા મેઇન બજારમાં તાલુકા પંચાયત ઓફિસ નજીકથી પસાર થતા હતા, ત્યારે રોડ પર આવેલ ભૂગર્ભ ગટર ઊભરાતી હતી.અને પુરતા સાધનો ન હોય અને સેફટીના સાધન વગર સરપંચ રાકેશભાઈ એ મરનાર રોહિતભાઈ દાદુભાઇ વસાવા (ઉ.વ.૨૫ રહે, દેડિયાપાડા)ને ગટરની સાફ સફાઈ માટેની કામગીરી સોંપી અને રાકેશભાઇએ મરનાર રોહિતભાઇ તથા સોમાભાઈ નાનજીભાઈ વસાવા (ઉ. વ. ૪૮ રહે દેડીયાપાડા,બંગલા ફળિયા)ને ગટર સાફ કરવા માટે તા.૧.૩.૨૧ના રોજ રાત્રીના સાડા નવેક વાગ્યાના સુમારે ભૂગર્ભની સફાઈ માટે કોઈપણ જાતની સગવડ કે સેફ્ટીના સાધન વગર મોકલી રોહિતભાઇને ભૂગર્ભ ગટરમાં ઉતારેલા તેઓ કુંડળીમાં ઉતરતાની સાથે કોઈ ઝેરી ગેસ ની અસર થવાની કારણે ગુમડા જવાથી ગટરની કુંડીમાં બેભાન થઈ ગયેલા. જેને બચાવવા સોમાભાઈ ગટરની કુંડીમાં ઉતરેલા અને તે પણ કુંડી ની અંદર બેભાન થઈ ગયેલા.હવે બંનેને બચાવવા નજીકમાં આવેલ હાઈસ્કૂલના મેદાન ઉપર વોલીબોલ રમતા ઈસમો પૈકી ધર્મેશભાઈ ઉર્ફે ધર્મેન્દ્રભાઈ સંજયભાઈ વસાવા (રહે, દેડીયાપાડા ,પોસ્ટ ઓફિસની બાજુમાં) પણ કુંડળીમાં ઉતરેલા તેઓ પણ બેભાન થઈ ગયેલા. અને આમ ગટરની અંદર પડેલા ત્રણેય ઈસમો ને બચાવવા સારુ કુંડીમાં ઉતરેલા ઈજા પામનાર જીગ્નેશભાઈ સંજયભાઈ વસાવા (રહે,પોસ્ટ ઓફિસની બાજુમાં) પણ બેભાન થઈ જતાં લોકોએ તેઓને બહાર ખેંચી કાઢેલ હતા. અને દેડીયાપાડા કૂંડીમાં પડેલા રોહિતભાઈ, સોમાભાઈ, ધર્મેશભાઈ ત્રણેયના મોત નિપજયા હતા. અને જીગ્નેશભાઈ કોઈ ઝેરી ગેસની અસર ના કારણે ઈજા પામેલ તેઓ સારવાર દરમિયાન બચી ગયા હતા. મરનાર રોહિતભાઇને સેફ્ટીના સાધનો વગર રાત્રિના અંધારામાં ભૂગર્ભ ગટરમાં માનવ મોત થવાનો સંભવ હોવાનું જાણવા છતાં આ કૃત્ય કરી કુલ ત્રણ ઈસમોના મોત નીપજાવી,એકને ઈજા પહોંચાડી ગુનો કરતાં સરપંચ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ,.રાજપીપળા

ઓઈલમીલમાં બંદૂકની અણીએ ૬ લૂંટારુઓ આતંક મચાવ્યો કર્મચારી ગાંધી રાખી ૨૫ હજારથી વધુની લૂંટ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં તસ્કરોએ જમાવટ કરી હોય તેમ સતત ચોરી,લૂંટની ઘટનાને અંજામ આપી પોલીસતંત્રના સઘન નાઈટ પેટ્રોલીગના દાવાની હવા કાઢી નાખી છે બાયડમાં આવેલી બારદાનની દુકાનમાં તસ્કરો ત્રાટકી રોકડ અને બારદાન મળી ૨.૫ લાખ થી વધુની ચોરીની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે ધનસુરા-બાયડ રોડ પર આવેલી મહાલક્ષ્મી ઓઈલ મીલમાં તસ્કરો ત્રાટકી મીલમાં કામ કરતા કર્મચારીના ખભે બંદૂક તાણી ઓઈલ મીલની ઓફિસમાં રહેલ ૨૫ હજાર થી વધુની રોકડ રકમ અને એરગનની લૂંટ કરી માલસામાન તોડફોડ કરી રફુચક્કર થઈ ગયા હતા લૂંટારુઓ ફરાર થતા ઓઈલમીલના કર્મચારીએ માલિકને જાણ કરતા તાબડતોડ ઓઈલમીલમાં પહોંચ્યા હતા ઓઈલમીલમાં ચોરીની ઘટનાના પગલે ધનસુરા પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી હતી . પ્રાપ્ત માહિતી અનુસાર, ધનસુરાના કંજરી કંપા નજીક આવેલ મહાલક્ષ્મી ઓઈલ મીલમાં શુક્રવારે રાત્રીના ૩ વાગ્યાના સુમારે ૬ જેટલા તસ્કરો ત્રાટકી ઓઈલમીલમાં ફરજ બજાવતા કર્મચારીને બંદૂકની અણીએ બંધક બનાવી મિલની ઓફિસમાં રહેલા કબાટ અને લોકરના તાળા તોડી કબાટમાં રહેલા ૨૫ હજાર જેટલી રોકડ રકમની ચોરી કરી ઓઈલમીલમાં રહેલી એરગન પણ ચોરી લીધી હતી તસ્કરોને નહિવત રોકડ રકમ હાથ લાગતા ઓઈલમીલનો માલસામાન રફેદફે કરી નાખી ફરાર થઈ ગયાં હતા તસ્કર ટોળકી ફરાર થતા ઓઈલમીલ કર્મચારીએ માલિકને જાણ કરતા માલિક અને તેમના પરિવારજનો ઓઈલમીલ પર દોડી આવ્યા હતા અને ઓફિસમાં માલસામાન રફેદફે અને કબાટના લોક તોડેલા જોતા સમગ્ર ઘટનાની જાણ ધનસુરા પોલીસને કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

સિક્કિમનાં રાજ્યપાલ સ્ટેચ્યું ઓફ યુનિટીની મુલાકાતે પધાર્યા

સ્ટેચ્યુ ઓફ યુનિટી આપણી શ્રેષ્ઠતા અને એકતાનું પ્રતીક : શ્રીમાન ગંગાપ્રસાદ, રાજ્યપાલશ્રી, સિક્કિમ.

રાજપીપળા, તા ૧૩

વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજે સિક્કિમ રાજ્યના રાજ્યપાલ ગંગાપ્રસાદજીએ મુલાકાત લઈને સરદાર સાહેબને ભાવાંજલી અર્પી હતી. સિક્કિમ રાજ્યના રાજ્યપાલ ગંગાપ્રસાદજીએ આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈને અખંડ ભારતનાં શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતીમાનાં દર્શન કરીને ભાવાંજલી અર્પી હતી. રાજ્યપાલએ અખંડ ભારત બનાવવામાં સરદાર સાહેબે આપેલા યોગદાનને યાદ કરી સરદાર સાહેબનાં જીવન-કવનને પ્રસ્તુત કરતા મ્યુઝીયમ અને દર્શન કક્ષની મુલાકાત લઇ રસપુર્વક નિરીક્ષણ કર્યુ હતુ.

ગંગાપ્રસાદજીએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યુ હતુ કે,આજે મહામાનવ સરદાર વલ્લભભાઈ પટેલજીની ભવ્ય પ્રતિમાને જોવાનો અવસર મળ્યો અને અતિપ્રસન્નતા મળી.આ પ્રતિમાનાં નિર્માણનો વિચારમાં જેઓની મુખ્ય ભૂમિકા રહી છે તેવા માનનીય નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપું છું અને આભાર વ્યકત કરૂં છું. ધરતી પર પોતાની પરિકલ્પનાને સાકાર સ્વરૂપ આપીને સમગ્ર વિશ્વને એક નવી દિશા અને આયામ આપવાનો સાર્થક પ્રયાસ અભિનંદનને પાત્ર તો છે જ ઉપરાંતમાં અનુકરણીય પણ છે.સ્ટેચ્યુ ઓફ યુનિટિ આપણી શ્રેષ્ઠતા અને એકતાનું પ્રતીક પણ છે, પ્રતિમા સાથે જોડાયેલા તમામનો આભાર અન આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનીટીનાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા રાજ્યપાલનું સ્વાગત કરાયું હતું અને તેઓને સરદાર સાહેબનાં જીવન ચરીત્ર સાથે જોડાયેલ પુસ્તક અને સરદાર સાહેબની પ્રતિમાં સ્મૃતિરૂપે અર્પણ કરી હતી.

તસવીરઃ જ્યોતિ જગતાપ ,રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.